તસવીર : દિપક જાની

તસવીરમાં દેખાતો વિરોધાભાસ અનાયાસે જ ગાંધીનગર શહેરના રસ્તાઓ ઉપર જોવા મળી ગયો છે. માર્ગ સલામતી સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એરફોર્સ દ્વારા એક શિસ્તબદ્ધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા માર્ગ સલામતી સપ્તાહનો સંદેશ નગરજનોમાં પ્રસારિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એ સાથેની તસવીરમાં માર્ગ ઉપર સલામતીથી ફરી રહેલાં ઘેટાં-બકરાં પણ જોઈ શકાય છે, જે તસવીર પણ સલામતી સપ્તાહના આરંભે જ લેવામાં આવી છે. આવાં દ્રશ્યો ન સર્જાય એ માટે જ આવી ઉજવણીઓ હાથ ધરવી પડે છે અથવા તો આવાં દ્રશ્યોને કારણે જ માર્ગ સલામતી સપ્તાહ ઉજવવાની જરૂર પડે છે એવો નિષ્ણાતોનો અભિપ્રાય છે.

ગાંધીનગરના આકાશમાંથી અંગારા વરસે છે : પારો ૪૧ ડિગ્રી

આકરા તડકા અને ગરમીથી જનજીવન પર ભારે અસર

ગાંધીનગર, તા. ૯

ઉનાળાનો આકરો મિજાજ હવે સૌને અકળાવી રહ્યો છે. આજે બુધવારે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી પહોંચી જતાં વસાહતીઓ આકરી ગરમીમાં હેરાન થઈ ગયા હતા અને શહેરમાં જાણે સ્વયંભૂ કરફ્યુ લદાયો હોય તેવું વાતાવરણ સર્જાયું હતું.

વાતાવરણમાં વારંવારના ફેરફાર સાથે ગાંધીનગરમાં આકરી ગરમી પડી રહી છે. આકાશમાંથી જાણે અંગારા વરસી રહ્યા હોય તેવું વાતાવરણ સર્જાયું છે. સવારથી જ આકરી ગરમી પડવાની શરૂઆત થઈ જાય છે. સવારનો તડકો જ આકરો લાગે છે ત્યાં બપોરનો તડકો તો સહન જ નથી થતો. જો સહેજવાર તડકામાં બહાર નીકળવાનું થાય તો હેરાન પરેશાન થઈ જવાય છે. અંગારા વરસાવતો તડકો અંગ દઝાડે છે. પંખા અને એરકુલર તો અસર કરતાં જ નથી પરંતુ હવે તો એ.સી. પણ એકદમ હાઈસ્પીડે રાખો ત્યારે માંડ ગરમીથી છુટકારો મળે છે. ગાંધીનગરની કચેરીઓમાં જ્યાં જ્યાં એ.સી. છે ત્યાં ત્યાં આખો દિવસ તેનો વપરાશ થાય છે. એ.સી., પંખાનો વપરાશ વધતા વીજળીનો વપરાશ પણ સ્વાભાવિક પણે વધ્યો છે. રાત્રે ઘરમાં સુઈ રહેવું હોય તો પણ એ.સી. ચલાવવું ફરજિયાત બની જાય છે. ગાંધીનગરમાં વસાહતીઓ ગરમીને દૂર ભગાડવા રાત્રે અગાસીમાં કે આંગણામાં જ સુઈ રહેવાનું વધુ પસંદ કરે છે. જો કે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રીએ પહોંચતા છેક મોડી રાત્રે થોડીક ઠંડક થાય છે ત્યાં સુધી તો ગરમીમાં હેરાન જ થવુ પડે છે.

ઉનાળાની અસરના કારણે દિવસે કરફ્યું જેવું વાતાવરણ હોય છે તો રાત્રે શહેરના મુખ્યમાર્ગો પર ચહલપહલ વધી જાય છે. સુર્યાસ્ત બાદ જ બાળકો બગીચામાં કે મેદાનમાં રમતાં નજરે ચઢે છે. તો ચાલવા નીકળાનારાઓ પણ અંધારૂ થાય તે પછી જ ઘરની બહાર નીકળે છે. રાત્રે શેરડીના રસના કોલા, બરફ ગોળાની લારીઓ અને આઈસક્રીમ પાર્લરો પર તો જાણે રીતસરનો મેળો જ જામે છે. છેક મોડીરાત સુધી માર્ગો પર ચહલ-પહલ જોવા મળે છે. બગીચાઓ પણ ભરચક થઈ જાય છે. સામાન્ય દિવસોમાં રાત્રે સુમસામ થઈ જતાં શહેરની રાત્રીરોનક ઉનાળામાં જોવા મળે છે.

આજે ધો. ૧૨ વિજ્ઞાનનું પરિણામ

બોર્ડની વેબસાઈટ પર પરિણામ મૂકાશે : માર્કશીટ ૧૪ મે ના રોજ અપાશે : જિલ્લાના ૫૭૪૮ વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી થશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તેમજ ગુજકેટનું આજે પરિણામ જાહેર થશે. બોર્ડની વેબસાઈટ પર પરિણામ મુકવામાં આવશે. જિલ્લાના ૫૭૪૮ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની ઈન્તજારીનો અંત આવશે.

ગત માર્ચ મહિનાના પ્રારંભે લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાએ જિલ્લાના ૫૭૪૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ત્યારબાદ એપ્રિલ મહિનામાં ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી મહત્વની બોર્ડ પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. જ્યારે તા. ૧૦ મે ના રોજ વેબસાઈટ પર પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓની પરિણામલક્ષી ઈન્તજારીનો અંત આવશે. વિદ્યાર્થીઓ ઈન્ટરનેટના માધ્યમથી પરિણામ જાણી શકે તે માટે દર વર્ષની માફક આ વર્ષે પણ શિક્ષણ બોર્ડ દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બોર્ડની ત્રણ વેબસાઈટની મદદથી પરિણામ જાણી શકશે. જેમાં www.gseb.org, www.gipl.net, www.indiaresult.com પરથી સવારે પરિણામની વિગતો મળી શકશે. આ ઉપરાંત ઈ-મેઈલ મારફતે પરિણામ જાણવા www.gipl.net વેબસાઈટ ઉપર લોગ ઈન રજીસ્ટર બાદ પરિણામ જોઈ શકાશે. વધુમાં બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને મોબાઈલ ફોન દ્વારા એસ.એમ.એસ.ના આધારે પરિણામ મળી શકે તેવી વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓને માર્કશીટ ૧૪ મે ના રોજ આપવામાં આવશે.

પરિણામ ઓનલાઈન જાહેર કરાયા પછી વિદ્યાર્થીઓને શાળામાંથી તા. ૧૪મીએ સવારે નવથી સાંજના ચાર કલાક સુધીમાં માર્કશીટ મળશે. વિદ્યાર્થીઓને ઉપરોક્ત વેબસાઈટ પરથી પરિણામ મળશે. જે વિદ્યાર્થીઓ ઈ-મેઈલથી પરિણામ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ www.gipl.net જઈને રજીસ્ટર કરાવવાનું રહેશે. પરિણામ જાહેર થવાના આગલા દિવસે રજીસ્ટર કરાવનાર વિદ્યાર્થીઓને જ ઈ-મેઈલથી પરિણામ મળશે. મોબાઈલ પર મેસેજથી પરિણામ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ તેમના મોબાઈલના મેસેજ લખવાનો 'hsc seatnumber' અને ગુજકેટ માટે 'gujcet seatnumber' ઉદાહરણ તરીકે hse B123456 તેમજ gujcet E123456 ટાઈપ કરીને '૫૦૧૧૧' નંબર પર મેસેજ મોકલવાથી મોબાઈલથી પણ પરિણામ મળી શકશે. આ ઉપરાંત લેન્ડલાઈન ફોન નંબરથી પણ પરિણામ મળી શકશે.

પરિણામ જાણવા માટે સંપર્ક નંબરો

ગાંધીનગર - ૦૭૯૬૫૭૨૧૮૦૧
અમદાવાદ - ૦૭૯૨૬૮૫૧૪૨૨, ૦૭૯૨૬૮૫૦૬૧૧
ગુજરાત કોલ સેન્ટર - ૧૮૦૦૨૩૩૫૫૦૦ (ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર)

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગરના જાણીતા બિલ્ડર શ્રી ચેતનભાઈ પટેલ અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા છે. ● આ માસના અંતિમ સપ્તાહમાં જાણીતા ભાગવત્ કથાકાર પૂ. શ્રી રમેશભાઈ ઓઝા ગાંધીનગર આવી રહ્યા છે. ● જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી જયસિંહ ચૌહાણ નાદુરસ્તી વચ્ચે પણ તેમના નિયત પ્રવાસમાં છે. ● સાહિત્યકાર અને રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે તેમના કાર્યાલયમાં પાંચ પુસ્તકોનું વિમોચન કર્યું છે. ● ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ગ-૪ના તમામ કર્મચારીઓ માસ સી.એલ. પર ગયા હતા. ● નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અસારી રજા પર ગયા છે.

કોર્ટ સંકુલમાંથી ફરાર આરોપીનો હજુ પત્તો નથી

પોલીસને એક દિવસ બાદ પણ આમીનનો પત્તો લાગ્યો નથી : પોલીસે આરોપીના મિત્રોની શોધખોળ પણ હાથ ધરી

ગાંધીનગર, તા. ૯

ગઈકાલે કોર્ટરૂમમાંથી નાસી છૂટવામાં સફળ રહેલા ડબલમર્ડર કેસના આરોપી આમીન મન્સુરીનો એક દિવસના અંતે પણ કોઈ પત્તો મળ્યો નથી. પોલીસે ભાગી ગયેલા પોલીસને ચકજામાં લેવા તેના મિત્રોની શોધખોળ હાથ ધરવાની દિશામાં પણ સઘન તપાસ આરંભી છે.

સે. ૬માં તબીબ પુત્રી અને માતાના મર્ડર હત્યાના ગુના ઉપરાંત અન્ય એક ખૂન કેસ સહિત ત્રણ સંગીન ગુનામાં સંડોવાયેલ આમીન બાદશાહ મન્સુરી ગઈકાલે કોર્ટરૂમમાંથી છલાંગ લગાવી આંખના પલકારામાં પલાયન થઈ જતા પોલીસતંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. ચકચારી હત્યા કેસનો આરોપી કોર્ટમાંથી ભાગીને બાઈક પર બેસી છૂમંતર થતા પોલીસે આરોપીના આ પૂર્વઆયોજીત કાવતરાને અનુલક્ષી તેનુ પગેરૂ શોધવા આમીનના મિત્રોની પણ શોધખોળ હાથ ધરી છે. પોલીસે ગઈકાલથી જ આરોપીને ઝડપી લેવા નાકાબંધી ગોઠવી દોડધામ શરૂ કરી દીધી હતી. પરંતુ એક દિવસના અંતે પણ આરોપીનો કોઈ પત્તો મળ્યો નથી. સે. ૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઉત્તમ બારોટે વધુ તપાસ હાથ ધરી છે.

કાઠીયાવાડી-મારવાડી અશ્વો માટે રિસર્ચ સેન્ટરની માગણી

કાઠીયાવાડી અને મારવાડી અશ્વોની સંખ્યામાં ૮૨ ટકાનો ઘટાડો નોંધાતાં રજૂઆત : બંને પ્રજાતિ લુપ્ત થવાના આરે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં અશ્વોની પ્રખ્યાત બે પ્રજાતિઓ કાઠીયાવાડી અને મારવાડીના જિનેટિક અને જૈવ વિવિધતાના સંરક્ષણ માટે રાજ્યમાં ખાસ રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે કૃષિ પ્રધાન દિલિપ સંઘાણીએ આજે કેન્દ્રિય કૃષિ પ્રધાન શરદ પવારને પત્ર લખ્યો હતો.

અશ્વની આ પ્રજાતિ પોતાની ચપળતા અને વફાદારી માટે પ્રખ્યાત છે અને આ બે પ્રજાતિના અશ્વોની લક્ષણો પર દેખરેખ રાખવા માટે સ્થાનિક સ્તરે ખઆસ રિસર્ચ સેન્ટર સ્થાપવું જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારા સહિયારા પ્રયાસો દ્વારા પ્રજાતિના સંરક્ષણ સાથે તેની પરંપરાગત ઉછેરની પ્રક્રિયા અને આ પ્રાણીઓના ઉછેરમાં ઝડપી ફેરફારોને સમજી શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યા જુનાગઢ જિલ્લામાં બે હોર્સ બ્રિડિંગ ફાર્મ કાર્યરત છે, જ્યાં ૮૦ કાઠીવાડી અશ્વોનો ઉછેર કરવામાં આવે છે અને વૈજ્ઞાનિક રીતે તેની દેખભાળ કરાય છે. વધુમાં, પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે હોર્સ બ્રિડિંગ ફાર્મ સ્થાપવાનું કામ ચાલી રહ્યું છે, જ્યાં ૪૦ ઘોડી માટે ૪ તબેલા બાંધવાનું કામ ચાલી રહ્યું છે, તેમ સંઘાણીએ જણાવ્યું હતું.

શહેરમાં રસ્તા અને ફૂટપાથનાં બાકી કામો મંજૂરીના અભાવે અટવાયાં

વિવિધ કામો માટે ૩૫ કરોડના ખર્ચનો અંદાજ, ૬ મહિનાના અંતે પણ દરખાસ્ત પેન્ડીંગ

ગાંધીનગર, તા.૯

શહેરમાં માર્ગ નવીનીકરણ અને ફૂટપાથ નિર્માણના બાકી કામોને અનુલક્ષી વિભાગકક્ષાએથી ૬ મહીનાના લાંબા સમયગાળા બાદ પણ મંજૂરી આપવામાં આવી નથી. આ સઘળી કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જ્યારે લાંબા સમયના અંતે પણ વિવિધ કામોની દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય ન લેવાતા કામગીરી અટવાઈ પડી છે.

નગરના મુખ્યમાર્ગો સહિત સેકટરોના આંતરિક માર્ગો પાંચ વર્ષના લાંબા સમયગાળાના અંતે ઉબડખાબડ બનતા નગરના મુખ્ય 'ઘ' માર્ગ સહિત નવ વિકસિત સેકટરમાં થોડા સમય અગાઉ માર્ગોના મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જે અન્વયે 'ઘ' માર્ગને ચકાચક બનાવવાની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. બીજી તરફ 'ઘ' માર્ગની જેમ 'ચ' માર્ગને પણ ટનાટન બનાવવા તંત્ર દ્વારા 'ચ'-'ક' ઉપરાંત રોડ નં. ૫ને અનુલક્ષી અંદાજિત રૂ. ૧૦ કરોડના ખર્ચને ધ્યાને લઈ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉદ્યોગભવનથી પથિકાશ્રમ સુધીના માર્ગ પર સ્થિત સરકારી કચેરીઓને અનુલક્ષી મુખ્ય માર્ગ પર ટ્રાફિકને ડાયવર્ટ કરવા સર્વિસ રોડ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જયારે નવવિકસિત સેકટરોની સાથે નગરના જૂના સે-૨૦ થી ૩૦માં આંતરિક માર્ગોનું કામ હાથ ધરવા પણ વિભાગ કક્ષાએ દરખાસ્ત લાંબા સમયના અંતે પડતર છે. ફૂટપાથ નિર્માણની કામગીરી અન્વયે પણ બાકી રહેતા વિસ્તારને આવરી લેવા સર્વેના અંતે રજૂ થયેલી દરખાસ્તને મંજૂરી ન અપાતા કામો અટવાઈ પડયા છે.

ભારતનાં પ્રમુખ શહેરો અને અમદાવાદની માફક હવે ગાંધીનગર શહેરમાં પણ જાહેર સ્થળે આતંકવાદીઓની તસવીરો લગાડવામાં આવી છે. પ્રસ્તુત તસવીર ઍસટી ડૅપોની છે. (તસવીર : દીપક જાની)

વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ બૂથ મૅનેજમેન્ટ મજબૂત કરશે

કોંગ્રેસના સાંસદો, ધારાસભ્યોની બેઠક મળી : વિધાનસભાની ચૂંટણી માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, મતદારોનો હોમ ટુ હોમ સંપર્ક કરાશે : મોઢવાડિયા

અમદાવાદ, તા.૯

પ્રદેશ કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો, જિલ્લા અને તાલુકા પ્રમુખો અને નિરીક્ષકો વગેરેની આજે મળેલી બેઠકમાં પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે ચૂંટણીમાં મતદારોને બુથ મથક સુધી લઈ જઈને કોંગ્રેસ પક્ષના ઉમેદવારની તરફેણમાં મતદાન કરવા માટેની મહત્વની વ્યવસ્થા એ બુથ મેનેજમેન્ટ છે અને તેના માટે ગ્રાસરૂટ લેવલ સુધીનું સંગઠન વધુ મજબુત કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા ગુજરાતની જનતાના સંપર્કમાં અનેક વિવિધ કાર્યક્રમો આપવામાં આવ્યા છે સભાઓ અને સંમેલનો દ્વારા કોંગ્રેસ પક્ષનો સંદેશો પહોંચાડવામાં આવ્યો છે. આગામી વિધાનસભાની ચૂંટણીને લક્ષમાં લઈને ૪૨૬૨૫ જેટલા બુથ ઉપર બુથના ઈન્ચાર્જ અને તેમની સાથેના કાર્યકરોને ટ્રેનીંગ આપવાનો અને મતદારોના ઘેર-ઘેર જઈને અત્યારથી જ સંપર્ક કરી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ગુજરાતના અસ્તિત્વ માટેની લડાઈ કોંગ્રેસ લડશે. સારો વહીવટ પ્રજાને આપવાનો કોંગ્રેસનો નિર્ધાર છે. છેલ્લા કેટલાક મહીનાઓમાં યાત્રાઓ દરમિયાન જોવા મળ્યું છે કે ગુજરાતના લોકો કોંગ્રેસ પક્ષને જીતાડવા માગે છે.

તેમણેવધુમાં જણાવ્યું હતું કે ખાતર પર ભાજપ સરકાર વેટ લે છે કોંગ્રેસ સત્તામાં આવસે તો ખાતર પરનો સંપૂર્ણ વેટ નાબુદ કરશે. કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ જાણવ્યું હતું કે ગુજરાતમાં સત્તા પરિવર્તન માટે બુથ મેનેજમેન્ટનું કામ સૌએ ઉપાડી લેવાનું છે. એઆઈસસીના ગુજરાતના પ્રભારી મોહન પ્રકાશે માર્ગદર્શન આપ્યું હતું.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૧-૫-૧૨, શુકવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીક બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૩૦

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગરસમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com